બારડોલી પાલિકા સભા 5 મિનિટમાં પૂર્ણ

ખરી સામાન્ય સભાની ચર્ચા ભાજપ કાર્યાલયમાં જ થાય છે, અહીં તો માત્ર એજન્ડાનું વાંચન જ થાય છે: વિપક્ષનો બળાપો

બારડોલીઃ બારડોલી નગરપાલિકાની સામાન્ય સભા વિપક્ષના હોબાળા વચ્ચે માત્ર પાંચ મિનિટમાં પૂર્ણ કરી દેવામાં આવી હતી. એજન્ડાનાં કામો પર ચર્ચા કર્યા વગર જ સભા પૂર્ણ જાહેર કરી દેવામાં આવતાં વિપક્ષ કોંગ્રેસના ત્રણ નગરસેવકોએ હલ્લાબોલ કર્યા બાદ નગરપાલિકા બિલ્ડિંગમાં જ ધરણાં પર બેસી ગયા હતા.

બારડોલી નગરપાલિકાની સામાન્ય સભા નિર્ધારિત સમય કરતાં દસ મિનિટ મોડી શરૂ થઈ હતી. ચીફ ઓફિસર સહિત તમામ કર્મચારીઓ અને વિપક્ષના નગરસેવક સમયપર નિયત સમય મુજબ 4.30 વાગ્યે સભાખંડમાં હાજર થઈ ગયા હતા. જોકે, પ્રમુખ સહિત શાસક પક્ષના એક પણ નગરસેવક સમયસર સભાખંડ પર ન પહોંચતાં વિપક્ષ સભ્યોએ લાઈવ વિડીયો રેકોર્ડિંગ શરૂ કરી દીધું હતું. આ અંગે ચીફ ઓફિસરને પણ સવાલોનો મારો ચલાવ્યો હતો. જોકે, તેઓ કોઈ જવાબ આપી શક્યા ન હતા. દસ મિનિટ મોડી શરૂ થયેલી સામાન્ય સભા પ્રમુખ નીલમ વ્યાસના અધ્યક્ષ સ્થાને મળી હતી. પણ તેઓ માત્ર સંગઠન તરફથી આપેલી સૂચના મુજબ માત્ર એજન્ડાનું વાંચન કરી ગયા હતા. કોઈપણ ચર્ચા કરી ન હતી. જેના કારણે વિપક્ષે ભારે હોબાળો મચાવ્યો હતો. પાંચ મિનિટમાં જ સભા પૂર્ણ થયેલી જાહેર કરવામાં આવી હતી.

સભામાં વિપક્ષના વિરોધ વચ્ચે એજન્ડાનાં કામો પૈકી ફાયર વિભાગમાં ખાલી પડેલી જગ્યાઓ પૈકી મહિલા સંવર્ગની બે જગ્યાની કોઈ અરજી આવી ન હોય તે જગ્યાઓની લાયકાત અને નિયમોમાં સુધારો કરવા માટે આગળની કાર્યવાહી કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. બારડોલી નગરપાલિકામાં એફોર્ડેબલ હાઉસિંગ સ્કીમ અંતર્ગત નગરપાલિકા વિસ્તારમાં આવેલા તલાવડી, નૂરનગર, શેઠ ફળિયા, માતા ફળિયા જેવા વિસ્તારોમાં કાચાં-પાકાં ઘરોને નગરપાલિકાની માલિકીની એસઇડબ્લ્યુએસના હેતુના પ્લોટ પર શિફ્ટ કરવાનું આયોજન કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. આ પ્રોજેક્ટ માટે સરકારમાં મોકલવામાં આવશે. આ ઉપરાંત ટી.પી. સ્કીમ-4માં ફાઈનલ પ્લોટ 111 અને 112માં કોમ્યુનિટી હોલ બનાવવાનું, આચાર્ય તુલસી માર્ગ પર સ્ટ્રીટ લાઈટ માટે સોલર સિસ્ટમ, જલારામ મંદિર નજીક બોક્સ ડ્રેઈન બનાવવા અને સ્ટેશનથી સરદાર હોસ્પિટલ સુધી સી.સી.રોડ બનાવવા સહિતનાં કામો મંજૂર કરવામાં આવ્યાં હતાં.

જોકે, આ તમામ કામો અંગે કોઈ ચર્ચા કરવામાં આવી ન હતી. આથી વિપક્ષનાં નેતા કેયૂરીબેન, કાલુ કરીમ શાહ અને સ્વાતિ પટેલે આક્ષેપ કર્યો હતો કે, સામાન્ય સભા પહેલા પક્ષની સંકલનની બેઠકમાં જ તમામ ચર્ચાઓ થઈ જતી હોય અહીં માત્ર એજન્ડાનું વાંચન જ કરવામાં આવે છે. ખરી સામાન્ય સભા તો ભાજપ કાર્યાલયમાં જ પૂર્ણ થઈ જાય છે.

ઉમરપાડામાં કતલખાને લઈ જવાતાં પશુઓને બચાવાયાં

વાંકલઃ ઉમરપાડા પોલીસ સ્ટેશન વિસ્તારના વહારથી બલાલકૂવા ગામ જવાના રસ્તા પરથી પોલીસે ગેરકાયદે કતલના ઈરાદે લઈ જવાતી ગાયો અને વાછરડા ભરેલી બોલેરો પિકઅપ ગાડી ઝડપી પાડી હતી. બાતમીના આધારે વોચ ગોઠવી પોલીસે બોલેરો ગાડી નં.(GJ-22-U-2068) ની તલાશી લેતાં ઘાસચારા કે પાણીની વ્યવસ્થા વગર અત્યંત ક્રૂરતાપૂર્વક બાંધેલી ૫ ગાય અને ૩ વાછરડાં મળી આવ્યાં હતાં. પોલીસે સ્થળ પરથી ગાડીના ડ્રાઈવર રવિ દા સભાઈ ધનજીભાઈ વસાવા (રહે.,દેવીદેવ, સાગબારા)ની અટકાયત કરી છે. જ્યારે અન્ય બે આરોપી જુબેર અબ્દુલરહિમ મકરાણી અને જુનેદ મકરાણી (બંને રહે.,અક્કલકૂવા, મહારાષ્ટ્ર)ને વોન્ટેડ જાહેર કરાયા હતા. પોલીસે ૫૬,૦૦૦નાં પશુઓ, ૨.૫૦ લાખની ગાડી અને ૧૦,૦૦૦ના ૨ મોબાઈલ મળી કુલ ૩,૧૬,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. અ.પો.કો. હર્ષદભાઈ સારલાની ફરિયાદના આધારે ગુનો નોંધી આગળની તપાસ અ.હે.કો. અર્જુનભાઈ ચલાવી રહ્યા છે.

સંક્ષિપ્ત સમાચાર

ડોડવા ગામે ડીપી નમી જતાં અકસ્માતનો ભય

કુકરમુંડાઃ કુકરમુંડા તાલુકાના ડોડવા ગામે માનસિંગભાઈ વળવીના ઘર નજીક વીજ ટ્રાન્સફોર્મર નમી પડતાં અને વીજ વાયર ઘર પરથી પસાર થતાં મોટી હોનારતનો ભય સર્જાયો છે. રજૂઆતો છતાં ઉકેલ ન મળતાં સ્થાનિકોમાં અસંતોષ છે. આ અંગે DGVCLના જુનિયર એન્જિનિયર ગૌતમ તિવારીએ એક-બે દિવસમાં કામગીરી કરી સમસ્યાનું નિવારણ લાવવાની ખાતરી આપી છે.

બારડોલીમાં આધેડ મહિલાનું મોત

બારડોલીઃ ઇસરોલી ગામની ધુલિયા ચોકડી પાસેથી ૨ ઓગસ્ટે બેભાન હાલતમાં મળી આવેલાં ૫૦ વર્ષીય સુમિત્રાબેન સંતોષભાઈ ગામીતનું સુરત સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. તેમના પૂરતા સરનામા અંગે માહિતી મળી નથી. બારડોલી ટાઉન પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ભરૂચમાં બાથરૂમની ટાંકીમાંથી દારૂ ઝડપાયો

ભરૂચઃ ભરૂચ LCB ટીમે નાઇટ પેટ્રોલિંગ દરમિયાન દારૂની બાતમીના આધારે વટારિયા ગામના ઇન્દિરા આવાસમાં દરોડો પાડ્યો હતો. આ બનાવમાં મકાન અને બાથરૂમની ટાંકીમાંથી રૂ.૩૪,૮૮૯નો વિદેશી દારૂ તથા બિયર જપ્ત કરાયાં હતાં. આ મામલે સંજય વસાવા અને તેના ભાઈ જગદીશ વસાવા સામે વાલિયા પોલીસમાં ગુનો નોંધી ફરાર આરોપીઓની શોધખોળ હાથ ધરાઈ છે.

કડોદરામાં નાર્કોટિક્સનો આરોપી ઝડપાયો

પલસાણાઃ કડોદરા GIDC પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી NDPS એક્ટના ગુનામાં નાસતા-ફરતા વોન્ટેડ આરોપી સૂરજ રામસુમેર સિંગ (ઉ.વ.૨૧) (રહે.,કડોદરા, મૂળ UP)ને પોલીસે બાતમી આધારે ઝડપી લીધો છે. મૂળ ફતેહપુરનો આ આરોપી અગાઉ વર્ષ-૨૦૨૫માં કડોદરા GIDC પોલીસ મથકે NDPS એક્ટ હેઠળના ૨ ગુનામાં પણ સંકળાયેલો હતો. તે કડોદરા સ્થિત ક્રિષ્નાનગરમાં મિશ્રાની બિલ્ડિંગમાં રહી મજૂરીકામ કરતો હતો.

બલેશ્વરમાં અજાણ્યા વૃદ્ધનો મૃતદેહ મળ્યો

પલસાણાઃ પલસાણાના બલેશ્વરની સાંઈવીલા સોસાયટી પાસેના રસ્તાની બાજુમાંથી એક અજાણ્યા વૃદ્ધનો મૃતદેહ મળી આવ્યો હતો. બલેશ્વરના પૂર્વ સરપંચ ઉકાભાઈ રાઠોડે આ ઘટના અંગે પલસાણા પોલીસને જાણ કરી હતી. મૃતકની ઉંમર આશરે ૬૦ થી ૬૫ વર્ષ હોવાનો અંદાજ છે.

કડોદરા પાસે મોબાઈલ સ્નેચિંગનો આરોપી ઝડપાયો

પલસાણાઃ સુરત ગ્રામ્ય એસ.ઓ.જી. ટીમે સઘન તપાસ દરમિયાન કડોદરા નેશનલ હાઈવે પરથી નાસતા-ફરતા વોન્ટેડ આરોપી રાકેશ ઉર્ફે ગોરખો રાજેશ રાઠોડ (રહે., ખોલવડ)ને ઝડપી પાડ્યો છે. તેની અટકાયતથી કડોદરા જીઆઈડીસી પોલીસ મથકના મોબાઈલ સ્નેચિંગના ૪ ગુનાનો ભેદ ઉકેલાયો છે. આરોપી અગાઉ મહુવા, કામરેજ, કોસંબા અને કડોદરામાં ચોરી-લૂંટના ૬ ગુનામાં સંકળાયેલો હતો. આગળની કાર્યવાહી માટે તેને કડોદરા પોલીસને સોંપાયો છે.

કડોદરામાં અજાણ્યા આધેડની લાશ મળી

પલસાણાઃ કડોદરાના સરદાર કોમ્પ્લેક્સની બાજુમાં ફૂટપાથ પરથી ગત તારીખ ૪ ઓગસ્ટે આશરે ૪૫થી ૫૦ વર્ષની ઉંમરના એક અજાણ્યા પુરુષનો મૃતદેહ મળી આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં અજાણ્યા ઈસમનું મોત કોઈ બીમારીના કારણે થયું હોવાનું અનુમાન છે.

પૂરગ્રસ્તો માટે સુરત ગ્રામ્ય પોલીસ હજારો રાહત કિટ સાથે પહોંચી

કીમઃ કીમ નદીમાં આવેલા વિનાશક પૂરના કારણે ઓલપાડ તાલુકાનાં અનેક ગામોમાં હજારો પરિવારો બેઘર બન્યા હતા અને અનાજ-ઘરવખરી નષ્ટ થઈ ગઈ હતી. આવી વિકટ સ્થિતિમાં સુરત ગ્રામ્ય પોલીસે કાયદો-વ્યવસ્થાની સાથે માનવતાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું છે. ઓલપાડ અને કીમ પોલીસ સ્ટેશનના સંયુક્ત પ્રયાસોથી સાયણ, બોલાવ, અણિતા, વડોલી અને કદરામા જેવાં પૂરગ્રસ્ત ગામોમાં હજારો રાહત કિટોનું વિતરણ કરવામાં આવ્યું હતું. ડીવાયએસપી આર.આર. સરવૈયા અને બી.કે. વનારના માર્ગદર્શન હેઠળ પોલીસ ટીમોએ ઘરો સુધી અનાજ અને જીવનજરૂરી સામગ્રી પહોંચાડી હતી. આ પ્રસંગે ધારાસભ્ય મુકેશ પટેલે ઉપસ્થિત રહી અસરગ્રસ્તોને સહાય આપી હિંમત આપી હતી.

ઉમરાની બી.આર.ઉમરાકર વિનય મંદિરનું ગૌરવ

ભોરિયાઃ ગુજરાત સરકારના રમતગમત વિભાગ અને સુરત જિલ્લા રમતગમત કચેરી સંચાલિત SGFI શરદ-શિયાળુ રમ તોત્સવ અંતર્ગત મહુવા-અંબિકા તાલુકા કક્ષાની સ્પર્ધા બોરિયાના શ્રીમતી લક્ષ્મીબેન ડાહ્યાભાઈ પટેલ સાર્વજનિક વિદ્યાલય (ઉ.બુ.) ખાતે યોજાઈ હતી. જેમાં બી.આર.ઉમરાકર વિનયમંદિર, ઉમરાની વિદ્યાર્થિની સ્નેહા અશ્વિનભાઈ પટેલે અંડર-૧૯ લાંબીકૂદમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી પ્રથમ સ્થાન મેળવ્યું છે. તેની આ સફળતા બદલ શાળાના પ્રમુખ નરેશભાપુ, મંત્રી દીપકભાઈ, આચાર્ય પ્રણયસિંહ પરમાર અને શિક્ષકગણે અભિનંદન પાઠવી જિલ્લા કક્ષાની સ્પર્ધા માટે શુભેચ્છાઓ આપી હતી.

ડિપ્લોમા થયેલો બંગાળી કમ્પાઉન્ડરનો અનુભવ મેળવીને ડોક્ટર બની બેઠો

બારડોલીના મોતામાં નકલી ડોક્ટર ઝડપાયો, છેલ્લા આઠ મહિનાથી 'લક્ષ્મી ક્લિનિક' ચલાવતો હતો

બારડોલીઃ સુરત એસ.ઓ.જી. શાખાએ બારડોલીના મોતા ગામમાં બોગસ ડોક્ટર ઝડપાયો હતો.

એસ.ઓ.જી. શાખાના પોલીસ કર્મચારી દિનેશભાઈ ગોવિંદભાઈ અને તેમની ટીમને બાતમી મળી હતી કે, મોતા હલદરૂ રોડ પર આવેલ આરાધના અંબેવેલી રેસિડેન્સીમાં દુકાન નં.૩માં એક ઈસમ 'લક્ષ્મી ક્લિનિક' નામે દવાખાનું ચલાવે છે. આ માહિતીના આધારે મોતા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર ડો.પંકજ ગામીતને સાથે રાખી તા.૪/૮/૨૦૨૬ના રોજ સાંજે ક્લિનિક પર દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન ક્લિનિકમાંથી પકડાયેલા ઈસમની પૂછપરછ કરતા તેનું નામ અનિદ્રા કાનુ બિશ્વાસ (ઉ.વ.૨૮) હોવાનું જાણવા મળ્યું હતું, જે મૂળ પશ્ચિમ બંગાળના નદિયાનો રહેવાસી છે અને હાલ મોતામાં જ રહે છે. આરોપીની પૂછપરછમાં માત્ર ડિપ્લોમા મિકેનિકલનો જ અભ્યાસ કર્યો હોવાનો ખુલાસો થયો હતો. જોકે, તેણે અગાઉ કોલકાતાની એમ્સ હોસ્પિટલમાં કમ્પાઉન્ડર તરીકે બે વર્ષ નોકરી કરી હતી અને તે જ અનુભવના આધારે તે છેલ્લા આઠ મહિનાથી અહીં 'લક્ષ્મી ક્લિનિક' ચલાવી રહ્યો હતો. આરોપી પાસેથી કોઈપણ સક્ષમ સંસ્થા કે ગુજરાત મેડિકલ કાઉન્સિલનું પ્રમાણપત્ર કે ડિગ્રી મળી આવી ન હતી. પોલીસ અને મેડિકલ ઓફિસર દ્વારા ક્લિનિકની વધુ તપાસ દરમિયાન ત્યાંથી અલગ અલગ પ્રકારની એલોપેથિક દવાઓ, ઈન્જેક્શન અને મેડિકલ સાધનો જેવા કે બીપી મશીન, સ્ટેથોસ્કોપ વગેરે મળી આવ્યાં હતાં, જેની કુલ કિંમત રૂ.૫,૫૦૦ થાય છે. આ આરોપી વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. આ ગુનાની આગળની વધુ તપાસ હેડ કોન્સ્ટેબલ પ્રવિણસિંહ મનુસિંહ ઠાકોર ચલાવી રહ્યા છે.

પીપોદરા જીઆઇડીસીમાં બોગસ તબીબ ઝડપાયો

હથોડાઃ સુરત જિલ્લા પોલીસની SOG ટીમે બાતમીના આધારે પીપોદરા GIDC ટેમ્પો ગલીમાં દરોડો પાડીને ગેરકાયદે ક્લિનિક ચલાવતા બોગસ ડોક્ટર મધુસુદન શાંતિરામ બિશ્વાસ (ઉ.વ.66) (મૂળ પશ્ચિમ બંગાળ)ને ઝડપી પાડ્યો હતો. તપાસ દરમિયાન ક્લિનિકમાંથી એલોપેથિક દવાઓ તથા વૈદકીય સાધનો મળી આવ્યાં હતાં. સરકાર માન્ય ડિગ્રી કે લાઇસન્સ ન હોવાનું સામે આવતાં પોલીસે કાર્યવાહી હાથ ધરી છે, જેના પગલે વિસ્તારના બોગસ ડોક્ટરોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

વાલોડના GRD જવાન ઉપર ગામના જ શખ્સનો હુમલો

આરોપીની પત્ની સાથે આડા સંબંધ હોવાનો વહેમ રાખી બાઈક આંતરી ડંડાથી ફટકાર્યો

વાલોડઃ વાલોડના કલમકુઈ ગામે રહેતા અને જી.આર.ડી. જવાન તરીકે ફરજ બજાવતા બે યુવાન ઉપર ગામના જ શખ્સે હુમલો કર્યો છે. જી.આર.ડી. જવાન સાથે પત્નીના આડા સંબંધ હોવાનો વહેમ રાખી બાઈક આંતરી ડંડા વડે માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપતાં મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ વાલોડના કલમકુઈ ગામે નિશાળ ફળિયામાં રહેતા કૃણાલકુમાર ભદ્રસિંહ ભારતી ખેતી સાથે જી.આર.ડી. જવાન તરીકે પણ ફરજ બજાવે છે. તેઓ તેના સાથી કર્મચારી જીતેન્દ્ર નવીનભાઈ ચૌધરી સાથે રાત્રે 11 વાગ્યાની આસપાસ પોતાની બાઈક ઉપર સવાર થઇ બાજીપુરા ખાતે તેમની નાઈટ ડ્યૂટી ઉપર જઈ રહ્યા હતા. ત્યારે કલમકુઈ ગામે નવી વસાહત ફળિયામાં રહેતા આશિષ અરવિંદભાઈ ચૌધરી કલમકુઈથી કહેર ગામ તરફ રસ્તા પર દૂધરેરીના વળાંક પાસે ડંડો લઇ ઊભા હતા. એ સમયે આશિષે ડંડો બતાવી બાઈક રોકવાની કોશિશ કરી હતી. જોકે, કૃણાલે બાઈક ન ઊભી રાખી જોરમાં પોતાનું વાહન હંકારતાં તેમની બાઈક સ્લિપ થઇ જતાં બંને યુવાનો નીચે પટકાયા હતા. આશિષ ત્યાં ડંડો લઇ દોડી આવી કૃણાલને પગના ભાગે સપાટા મારી ઈજા પહોંચાડી હતી અને કૃણાલ સાથે ઝપાઝપી કરી મોંના ભાગે માર માર્યો હતો. તો વચ્ચે બચાવવા ગયેલા તેની સાથે પણ બોલાચાલી કરી હતી. આ બંને જી.આર.ડી. જવાનોને અપશબ્દો બોલી કૃણાલને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. હુમલો કરનાર શખ્સે તેની પત્ની સાથે યુવાનના આડા સંબંધ હોવાનો વહેમ રાખી હુમલો કર્યો હોવાથી કૃણાલ ભારતીએ આશિષ ચૌધરી વિરુદ્ધ વાલોડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની વધુ તપાસ હાથ ધરી છે.

હિંગણી ગામે તાપી નદીમાં ડૂબી જતાં યુવકનું મોત

કુકરમુંડાઃ નિઝરના હિંગણીમાં થતી તાપી નદીમાં મહારાષ્ટ્રના નંદુરબારના કોરીટ ગામના 27 વર્ષીય યુવકનું ડૂબી જવાથી મોત થયું હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. મળતી માહિતી મુજબ ગોપાલ શાંતિલાલ જાધવ (ઉ.વ.27) (રહે.,કોરીટ ગામ, તા.જિ.નંદુરબાર, મહારાષ્ટ્ર) તાપી નદીના ઊંડા પાણીના વહેણમાં તણાઈ જતાં ડૂબી ગયા હતા. ઘટનાની જાણ થતાં નિઝર પોલીસ સ્થળ પર પહોંચી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. આ બનાવ અંગે નિઝર પોલીસ સ્ટેશનમાં અકસ્માત મોત મુજબ નોંધ કરવામાં આવી હતી. પ્રાથમિક માહિતી મુજબ આ ઘટના 3 ઓગસ્ટથી 5 ઓગસ્ટ દરમિયાન બની હોવાનું નોંધાયું છે. મૃતકના ભાઈ ગણેશ શાંતિલાલ જાધવ દ્વારા ઘટનાની જાણ કરવામાં આવી હતી. નિઝર પોલીસે મૃતદેહનો કબજો મેળવી આગળની કાર્યવાહી શરૂ કરી છે. ઘટનાની વધુ તપાસ નિઝર પોલીસ દ્વારા હાથ ધરવામાં આવી રહી છે.

બલેશ્વરમાં વાહન અડફેટે મોપેડ સવારનું મોત

પલસાણાઃ પલસાણા તાલુકામાં નેશનલ હાઈવે નં.૪૮ પર બલેશ્વર સીમમાં સંસ્કાર સ્કૂલ સામે અકસ્માત સર્જાયો હતો. મૂળ તળાજાના અને હાલ તુંડી ગામમાં રહેતા ૩૪ વર્ષીય અમરશીભાઈ પરમાર મોપેડ નં.(GJ-19-AJ-7395) પર પિતાની દવા લેવા ચલથાણ જઈ રહ્યા હતા. આ દરમિયાન અજાણ્યા વાહને ટક્કર મારતાં તેઓ ગંભીર રીતે ઘવાયા હતા. ઈજાગ્રસ્ત અમરશીભાઈને ચલથાણની સંજીવની હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. અકસ્માત સર્જી વાહનચાલક ફરાર થઈ ગયો હતો. આ બનાવ અંગે પલસાણા પોલીસે ગુનો નોંધી ફરાર ચાલકની શોધખોળ હાથ ધરી છે.

બારડોલીમાં ટેન્ડર વિના જ રૂ.65 લાખના કામ મુદ્દે સંકલનમાં ભડકો

વાર્ષિક કામોનાં ટેન્ડર નિયત કરતાં 9 ટકા ઊંચા ભાવે આપી દીધાં

ઊંચા ભાવે ટેન્ડર મંજૂર કરવા અને ચોક્કસ વોર્ડમાં મસમોટી રકમની ફાળવણી કરવા સામે સભ્યોમાં નારાજગી

બારડોલીઃ નગરપાલિકાની સામાન્ય સભા પૂર્વે મળેલી ભાજપ સંકલન બેઠકમાં વિકાસનાં કામોની ફાળવણી અને ટેન્ડર પ્રક્રિયાને લઈને ભારે વિરોધનો સૂર ઊઠ્યો હતો. ખાસ કરીને ઊંચા ભાવે ટેન્ડર મંજૂર કરવા અને ચોક્કસ વોર્ડમાં મસમોટી રકમની ફાળવણીના મુદ્દે સભ્યોએ ઉગ્ર નારાજગી વ્યક્ત કરી હતી.

નગરપાલિકા દ્વારા કરવામાં આવતાં વાર્ષિક કામોનાં ટેન્ડર નિયત કરતાં 9 ટકા ઊંચા ભાવે આપી દેવામાં આવ્યાં છે. આ નિર્ણયને કારણે સંકલન બેઠકમાં કેટલાક નગરસેવકોએ વહીવટી કામગીરીની પારદર્શિતા સામે સવાલો ઉઠાવ્યા હતા અને ભ્રષ્ટાચારની આશંકા વ્યક્ત કરી હતી. આ બેઠકમાં સૌથી મોટો હોબાળો વોર્ડ નં.૩નાં કામોને લઈને થયો હતો. આ વોર્ડમાં આવેલા ડી.એમ.નગર અને એમ.એન. પાર્ક સહિતના વિસ્તારોમાં વરસાદી પાણી ન ભરાય એ માટે 65 લાખ રૂપિયાના ખર્ચે કામ આપી દેવામાં આવ્યું છે. આશ્ચર્યની વાત એ છે કે આટલી મોટી રકમનું કામ કોઈપણ પ્રકારની ટેન્ડર પ્રક્રિયા વગર જ સગેવગે કરી દેવામાં આવતાં બેઠકમાં વાતાવરણ ગરમાયું હતું. સંકલન બેઠકમાં વગર ટેન્ડરના કામો અને ઊંચા ભાવના મુદ્દે ભારે હોબાળો થયો હોવાનું જાણવા મળ્યું છે, પરંતુ આશ્ચર્યજનક રીતે સામાન્ય સભામાં આ જ મુદ્દાઓ પર ભેદી મૌન છવાઈ ગયું હતું. સંકલન બેઠકમાં થયેલા ઉગ્ર વિરોધને જોતા મુખ્ય સામાન્ય સભામાં ભારે તોફાન થવાનાં એંધાણ હતાં. જોકે, વાસ્તવિક ચિત્ર તદ્દન વિપરીત જોવા મળ્યું હતું. સામાન્ય સભા દરમિયાન શાસક પક્ષના એકપણ સભ્યએ આ વિવાદિત મુદ્દાઓ પર હરફ સુધ્ધાં ઉચ્ચાર્યો ન હતો. કરોડો રૂપિયાનાં કામો અને વગર ટેન્ડરની ફાળવણી જેવા ગંભીર આક્ષેપો છતાં સભામાં જોવા મળેલું આ સન્નાટો અનેક સવાલો ઊભા કરી રહ્યો છે. આંતરિક વિરોધ હોવા છતાં સામાન્ય સભામાં વિરોધ ન થવો તે નગરજનોમાં પણ ભારે ચર્ચાનો વિષય બન્યો છે.

ઉચ્છલના માણેકપુર પાસે લક્ઝરી બસ પલટી

બસમાં સવાર મુસાફરોને નાની-મોટી ઈજા પહોંચી

વ્યારાઃ તાપીમાં ઉચ્છલ-નિઝર સ્ટેટ હાઈવે નં.80 પર ઉચ્છલના માણેકપુર ગામની સીમમાં વહેલી સવારે ખાનગી લક્ઝરી બસ પલટી ખાઈ ગઈ હતી. મળતી માહિતી મુજબ ગતરોજ વહેલી સવારે સાડા ચાર વાગ્યાના અરસામાં માણેકપુર પાસે શર્મા ટ્રાવેલ્સ નામની ખાનગી લક્ઝરી બસ નં.(MP 10 P 6688)ના ચાલકે બસને પૂરઝડપે હંકારી લાવી રોડ નીચે ઉતારી બસને પલટી ખવડાવી દીધી હતી. વહેલી સવારે બનેલી ઘટનામાં બસમાં સવાર 7 જેટલા મુસાફરને નાની-મોટી ઈજા પહોંચી હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસે બસમાં સવાર ઈજાગ્રસ્ત મુસાફરની ફરિયાદ લઈ અકસ્માત બાદ ભાગી છૂટેલા અજાણ્યા બસ ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

હથોડા-કઠવાડા માર્ગ પર ખાડા પુરાતાં લોકોને રાહત

પૂરના પાણી ફરી વળતાં માર્ગ પર મોટા ખાડા પડ્યા હતા

હથોડાઃ તાજેતરમાં કીમ નદીમાં આવેલા પૂરને કારણે હથોડા-કઠવાડા માર્ગ આશરે ૨૦ કલાક સુધી પાણીમાં ગરકાવ રહ્યો હતો. પૂરના પાણી ઓસર્યા બાદ આ માર્ગ પર ઠેર ઠેર મોટા મોટા ખાડા પડી જતાં વાહનવ્યવહાર માટે ભારે મુશ્કેલી સર્જાઈ હતી. હથોડા, કઠવાડા અને સત્યમ ઈન્ડસ્ટ્રિઝ વિસ્તારના વાહનચાલકો સહિત આસપાસના અનેક ગામોના લોકો આ બિસમાર રસ્તાના કારણે ત્રાહિમામ પોકારી ઊઠ્યા હતા.

આ ગંભીર સમસ્યા અંગે 'ગુજરાતમિત્ર'માં અહેવાલ પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો. અહેવાલ આવતાં જ તંત્ર તુરંત હરકતમાં આવ્યું હતું અને ખાડા પૂરવાની કામગીરી શરૂ કરી દીધી છે. રોડનું સમારકામ શરૂ થતાં જ લાંબા સમયથી હાલાકી ભોગવતા વાહનચાલકો અને સ્થાનિકોએ આખરે રાહતનો શ્વાસ લીધો છે.

ભરૂચમાં અજાણ્યા વાહન અડફેટે યુવકનું મોત

ભરૂચઃ ભરૂચ નજીક નેશનલ હાઈવે-૪૮ પર શિવકૃપા હોટલ સામે ૩ ઓગસ્ટે રાત્રે આશરે ૧૧:૩૦ વાગ્યે પૂરઝડપે આવેતા અજાણ્યા વાહન ચાલકે રોડ પરથી પસાર થતા આશરે ૩૬ વર્ષીય અજાણ્યા યુવકને ટક્કર મારી હતી. અકસ્માતમાં ગંભીર ઈજા પહોંચતાં યુવકનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું. જ્યારે વાહન ચાલક અકસ્માત સર્જી ફરાર થઈ ગયો હતો. આ બનાવ અંગે ભરૂચના વગુસણાના કિરણભાઈ પાટણવાડિયાની ફરિયાદના આધારે નબીપુર પોલીસે અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ગણદેવી નગરપાલિકા, ગણદેવી

ગણદેવી નગરપાલિકા, જિ.નવસારી

ઈ - ટેન્ડર નોટીસ (બીજો પ્રયત્ન)

આથી રસ ધરાવતા સરકાર માન્ય ઈજારદારો પાસેથી નગરપાલિકાની વિકેન્દ્રિત ગ્રાંટ (૨૦૨૬-૨૭) માંથી ગણદેવી નગરપાલિક વિસ્તારમાં આવેલ કડીયાવાડ, કસ્બાવાડી તથા વિવિધ વિસ્તારમાં પેવર બ્લોક નાખવાનાં કામ માટે ગણદેવી નગરપાલિકા ગણદેવી, જિ.નવસારી દ્વારા ઈ-ટેન્ડરથી ભાવ મંગાવવામાં આવે છે. જે ભાવો આ વેબસાઈટ ઉપર જોવા મળશે. (https://tender.nprocure.com અને www.statetenders.gujarat.gov.in)

૧. બીડ ડોક્યુમેન્ટ ડાઉનલોડીંગ	: તા. ૦૬/૦૮/૨૦૨૬ ને ૧૧.૦૦ કલાકેથી
૨. ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ	: તા. ૧૫/૦૮/૨૦૨૬ ને ૧૮.૦૦ કલાક સુધી
૩. ઈ-એમડી,ટેન્ડર ફી અને ડોક્યુમેન્ટ મોકલવાની છેલ્લી તારીખ	: તા. ૨૦/૦૮/૨૦૨૬ સુધીમાં ૧૮.૦૦ કલાક સુધી ચીફ ઓફિસર ગણદેવી રજી.એડી અથવા સ્પીડ પોસ્ટથી મોકલવું.
૪. પ્રાઈઝ બીડ ખોલવાની તારીખ	: તા. ૨૫/૦૮/૨૦૨૬ ને૧૧.૦૦ કલાકે

કોઈપણ કારણોસર ટેન્ડર મંજુર અને નામંજુર કરવાની સત્તા ચીફ ઓફિસર, ગણદેવી નગરપાલિકાને આબાધિત રહેશે.

પિનાકીન પી. પંડયા, કારોબારી ચેરમેન, ગણદેવી નગરપાલિકા | અનિતાબેન ડી. ભંડારી, પ્રમુખ, ગણદેવી નગરપાલિકા | પ્રાચી પી. દોશી, ચીફ ઓફિસર, ગણદેવી નગરપાલિકા

માહિતી/નવસારી/૨૨૭/૨૦૨૬